# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/216 Dt. 19/11/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા એમએસએમઈને રૂપિયા ૫ કરોડ સુધીની કોલેટર મુક્ત લોન માટે બિઝનેસ રૂલ્સ એન્જિન (બી.આર.ઈ.) પર અવેરનેસ સેશન યોજાયું

### સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના ડીજીએમ શ્રી રાજેશ કુમાર તથા અધિકારીઓએ ફટાફટ અને ઓનલાઇન લોન લિમીટ નક્કી કરતા બીઆરઈ સોફટવેર વિષે વિસ્તૃત સમજણ આપી, દક્ષિણ ગુજરાતના એમએસએમઈ ઉદ્યોગકારોને લાભ લેવા અનુરોધ કરાયો

### ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આરબીઆઇના ડેપ્યુટી ગવર્નર શ્રી સ્વામીનાથન જાનકીરામણને નાના ઉદ્યોગકારો માટે આવા પ્રકારની લોન માટે રજૂઆત કરાઇ હતી

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૧૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે ઉષાકાંત મારફતિયા હોલ, સરસાણા, સુરત ખાતે સ્પેશ્યલ એસ.બી.આઈ. બેન્કીગ પ્રોડકટ–બિઝનેસ રૂલ્સ એન્જિન (બી.આર.ઈ.) પર અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાના ડીજીએમ શ્રી રાજેશ કુમારે સુરતના ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને લોન વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, પરિવર્તનનો સ્વીકાર નહીં કરનાર બજારમાંથી ફેંકાઈ જતા હોય છે. એસબીઆઈ પણ સમય સાથે બદલાઈ છે અને એટલે જ સર્વસ્વીકૃત બની છે અને આજે ગ્રાહકના દ્વારે આવી છે. તેમણે ચેમ્બરની પ્રવૃત્તિઓનો પણ વિગતે ચિતાર આપ્યો હતો.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ કહ્યું હતું કે, ટેક્ષ્ટાઇલના એમએસએમઈ ઉદ્યોગ સાહસિકોને લોન માટે અગાઉ ઘણા ધક્કા ખાવા પડતા હતા, પરંતુ હવે રૂપિયા ૫ કરોડ સુધીની લોન કોલેટરલ વિના મળે છે, તે પણ એક કલાકની અંદર. આ સુવિધાનો લાભ લેવા તેમણે ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કર્યા હતા.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કાર્યક્રમ વિશે કહ્યું હતું કે, દક્ષિણ ગુજરાત એમએસએમઈનું હબ છે. કોવિડ– ૧૯ વખતે આરબીઆઇ સાથેની ઓનલાઇન મિટીંગમાં ચેમ્બરે ઓનલાઇન લોન મંજૂરીનું સૂચન કર્યું હતું. ત્યારબાદ ચેમ્બર દ્વારા આરબીઆઇના ડેપ્યુટી ગવર્નર શ્રી સ્વામીનાથન જાનકીરામણને રૂબરૂ મળીને પણ નાના ઉદ્યોગકારો માટે રૂપિયા ૫ કરોડ સુધીની કોલેટર મુકત લોન માટે રજૂઆત કરવામાં આવી હતી. આરબીઆઇના ડેપ્યુટી ગવર્નર તરફથી ચેમ્બરને આ સંદર્ભે ખૂબ જ સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો, આથી એસબીઆઇનું બીઆરઈ સોફટવેર તેનું જ પરિણામ છે.

એસબીઆઈના ડીજીએમ શ્રી રાજેશ કુમારે ઉદ્યોગ સાહસિકોને માહિતી આપતા જણાવ્યું હતું કે, બિઝનેસ લોન માટે એક સરસ સોફટવેર બનાવવામાં આવ્યું છે, જેમાં આવકવેરા અને જીએસટી યુઝર આઇડી અને પાસવર્ડની જ જરૂર પડે છે. કોઇ પણ માનવીય હસ્તક્ષેપ વિના કેટલી લોન મળી શકે એની લિમિટ મિનિટોમાં તૈયાર થઈ જાય છે. આ સોફટવેરની વિશેષતા છે.  તમે બ્રાંચ પણ સિલેકટ કરી શકો છો, આમાં કોઈ કોલેટરલની જરૂર નથી. ટર્નઓવર–બિઝનેસના આધારે સોફટવેર લિમિટ નક્કી કરે છે. એના માધ્યમથી અમે દક્ષિણ ગુજરાતમાં ૯૦૦ જેટલી લોન મંજૂર કરી છે, જેની કુલ રકમ ૪૩૩ કરોડ થવા જાય છે. ઉદ્યોગ સાહસિકો, સપ્લાયરો તેનો પૂરો લાભ ઉઠાવે.

એસબીઆઈના અધિકારીઓએ બીઆરઈની વિશેષતાઓ સમજાવતા કહ્યું હતું કે, લોન લિમિટ માટે એઆઈ ડ્રિવન ટેકનોલોજીનો ઉપયોગ થાય છે, વ્યાજદર ૮.૪૦ ટકાથી શરૂ થાય છે. મહિલા ઉદ્યોગ સાહસિકો માટે વિશેષ પ્રોત્સાહનો પણ છે. કેશ ક્રેડિટ ફાસ્ટ મળે છે. એમએસએમઈ માટે એસબીઆઈ વેબસાઇટ પણ બનાવી આપે છે. ઉદ્યોગોને કેપ્ટિવ–નોન કેપ્ટિવ સોલર પાર્ક સ્થાપવા માટે લોનની સમજણ પણ આપવામાં આવી હતી. એસબીઆઈએ સુરત ટેક્ષ્ટાઇલ માટે કલસ્ટર પણ શરૂ કર્યું છે, જેમાં રૂપિયા ૫ કરોડથી ઉપરની લોન માટે પણ વિશેષ પ્રોડકટસ છે.

સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાના અધિકારીઓ દ્વારા બિઝનેસ રૂલ્સ એન્જિન (બી.આર.ઈ.) પર વિગતવાર ટેકનિકલ પ્રસ્તુતિ કરવામાં આવી હતી, જેમાં ડિજિટલ દસ્તાવેજીકરણ, સ્વચાલિત જોખમ આકારણી અને રિઅલ ટાઈમ ધિરાણ નિર્ણય જેવી સુવિધાઓ સમજાવવામાં આવી હતી. સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાના અધિકારીઓએ ઓન ધ સ્પોટ લોન મંજૂરી વિશે પણ સમજણ આપી હતી.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતી, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના અધિકારીઓ શ્રી હરીશ જૈન, શ્રી વિકાસ કુમાર, શ્રી રીની સિંઘ, શ્રી દેશ દીપક, એમએસએમઈ ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો સેશનમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરની બેન્કીંગ (નેશનલાઇઝડ એન્ડ પ્રાઇવેટ) કમિટીના ચેરમેન સીએ વિપુલ શાહે સમગ્ર

કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. એસબીઆઈના અધિકારીઓ દ્વારા સેશનમાં ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોના વિવિધ પ્રશ્નોના જવાબ પણ આપવામાં આવ્યા હતા.